# VISAMOKIDS FOUNDATION



| PUBLICATION | GUJARAT SAMACHAR | EDITION | AHMEDABAD |
|---|---|---|---|
| DATE | JUNE 16, 2014 | PAGE NUMBER | 02 |



### મન હોય તો માળવે જવાય તે કહેવત સાર્થક થઈ

# રિક્ષાડ્રાઈવરનો પુત્ર એનઆઈડીમાં ડિઝાઈનિંગનો અભ્યાસ કરે છે

અમદાવાદ, રવિવાર

ધગશ હોય તો વ્યક્તિ ધાર્યા લક્ષ્ય સુધી પહોંચી શકે છે. આર્થિક રીતે પડી ભાંગેલા પરિવારોમાં એવાં પણ સંતાનો હોય છે જેમનામાં શિક્ષણની અખૂટ ભૂખ હોય છે જે હાંસલ કરવાની તેમનામાં ધગશ પણ એટલી જ હોય છે. અમદાવાદના વાડજના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતાં એક રિક્ષા ડ્રાઈવરના પુત્રએ અથાગ મહેનતના જોરે નેશનલ ઈન્સ્ટટયુટ ઓફ ડિઝાઈન જેવી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવી આજે ડિઝાઈન ક્ષેત્રનું શિક્ષણ મેળવી રહ્યો છે. શહેરની સ્વૈચ્છિક સંસ્થા અને ફેશન ડિઝાઈનરની મદદથી સંજયની કારર્કિદીમાં જાણે એક નવો વળાંક આવ્યો છે.

## સ્વૈચ્છિક સંસ્થા, ફેશન ડિઝાઈનરની મદદથી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા સંજય પરમારની કારકિર્દીમાં નવો વળાંક આવ્યો

મૂળ બનાસકાંઠાના થરા ગામના દિનેશ પરમાર અમદાવાદમાં એક ગેસ એજન્સીની રિક્ષા ડ્રાઈવર તરીકે કામ કરી રોજના રૂા.૧૫૦ કમાય છે. આજની કારમી મોંઘવારીમાં જ્યાં ઘરનુ ભરણપોષણ કરવું દોહ્યુ હોય ત્યાં બાળકોને શિક્ષણ આપવાની તો વાત ક્યાં કરવી રહી. વાડજમાં દિનેશભાઈનો પુત્ર મ્યુનિ.શાળામાં ધો.૩માં અભ્યાસ કરતો પણ રોજ કચરો વિણવા જનારાં મિત્રો સાથે રખડતો. સંજયની એક એવી ટેવ કે તે કચરામાં પણ કઈંકનો શોધી કાઢતો અને તેમાંથી રમકડાં બનાવતો. તે વખતે શાળામાં વિસામો ફાઉન્ડેશન દ્વારા ગરીબ વર્ગના બાળકોના વધુ શિક્ષણ આપવાના હેતુસર આઈક્યૂ ટેસ્ટ લેવાયોને તેમાં સંજય ઉતિર્ણ થયો.

સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી સંજયને બોપલ સ્થિત ડીપીએસ સ્કૂલમાં ભણાવનો મોકો મળ્યો. તે કહે છેકે, ભણવાની અદમ્ય ઈચ્છા તો હતી જ પણ સાથે સાથે કઈંક નવું કરવું છે તે પણ મનમાં હતું. વેસ્ટ મટિરિયલ્સમાંથી રમકડાં બનાવવાની ક્રિએટીવીએ સંજયને ડિઝાઈનર બનાવાની



પ્રેરણા આપી. તે કહે છેકે, સંસ્થાના સહયોગની સાથે ફેશન ડિઝાઈનર ભંવર રાઠોડે મારામાં રહેલી સર્જનાત્મકતા જોઈ મને એનઆઈડીમાં પ્રવેશ માટે વિનામૂલ્યે તૈયારી કરાવવાનું બિડું ઝડપ્યું. એક વર્ષની અથાગ મહેનતના અંતે હું તેમાં સફળ થયો.

સંજય પરમારને સ્કોલરશીપ પણ મળી રહી છે. તે કહે છેકે, હવે મારાં પિતા જે રીતે રાંધણગેસના બાટલા ઉંચકે છે તે જોઈ હું વજનદાર ચીજ સહેલાઈથી ઉંચકી શકાય તે માટે ડિઝાઈનર ટ્રોલી બનાવવા માંગું છું.

આ ઉપરાંત શાકભાજીની અનોખી ડિઝાઈન બનાવવા ઈચ્છુક છું. ટુંકમાં ઘરેલુ સમસ્યાને લઈને ઘણી જ પ્રોડક્ટની ડીઝાઈન બનાવી શકાય તેમ છે. માત્ર ફરારી કાર કે મોબાઈલ ફોનની ડિઝાઈન થઈ શકે એવું નથી. ઘણી સમસ્યા છે કે જેની પ્રોડેક્ટની ડિઝાઈન બનાવાય તો ઓછા ખર્ચે લોકો તેનો ઉપયોગ કરી શકે તેમ છે.

ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતો સંજય પરમાર હાલમાં ડિપ્લોમા ઈન ડિઝાઈનનો અભ્યાસ કરીને તેની કારર્કિદીને ઘડી રહ્યો છે. આમ સંજય અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણદાયી બન્યો છે.